Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-15, Issue-1, June-2021
www.researchguru.net

# કિતાબે રહેલા- ઈબ્ને બતૂતાની નજરે હિન્દુસ્તાન

**Dr Tasneem M. Shaikh**
Assistant Professor, Govt. Arts College, Gandhinagar

કિતાબે રહેલા મધ્યકાલીન (સલ્તનત યુગ) ઇતિહાસ માટેના પ્રમાણભૂત ગ્રંથોમાંનું એક. મોરક્કોના પ્રવાસી ઈબ્ને બતૂતા દ્વારા લખાયેલ મૂળ અરબી ભાષાનું ગ્રંથ છે. ઉર્દૂ ભાષામાં અજાયેબુલ અફસાર (સફરના રહસ્યો) નામે મોલવી મોહમ્મદ હુસેન દ્વારા ભાષાંતર કરવામાં આવ્યું છે. ઇતિહાસમાં પ્રવાસ નોંધોનું આગવું મહત્વ છે, જે તે સમયે વિદેશથી ભારતમાં આવેલા પ્રવાસીઓના અસંખ્ય લખાણો અને પ્રવાસ નોંધો આપણને પ્રાપ્ત છે. વિદેશીઓ દ્વારા અન્ય ભાષા માં લખાયેલ ભારતના ઇતિહાસના સંદર્ભમાં જે મહત્વ મેગેસ્થનીસ ની "ઇન્ડિકા" હ્યુ-એન-ત્સાંગની સી-યુ-કીનું અને બાબરની તુઝુકે બાબરીનું છે એ જ સ્થાન કિતાબે રહેલાંનું પણ છે, લેખકે હિન્દુસ્તાનના પ્રવાસનો સહજ અને પ્રામાણિકતાથી વર્ણન કર્યું છે. પોતે સુલતાન મહંમદ તઘલખના સમયમાં દિલ્હીના કાઝીનું પદ શોભાવતા હતા. તેઓએ અહીંની પરિસ્થિતિનો બારીકાઈથી અવલોકન કર્યું છે અને શાહી દરબારમાં રસાઈ (પહોંચ) હોવાને કારણે જે આંકડાઓ અને માહિતી આપી છે એ સચોટ હોવામાં શંકા નથી.

આ પુસ્તક કુલ ૧૮ બાબમાં (પ્રકરણમાં) વહેંચાયેલું છે જેમાં સિંધમાં તેમના આગમનથી શરૂ કરીને મુલતાનમાં તેમની સફર, દિલ્હીમાં વસવાટ, દિલ્હીની તારીખ(ઇતિહાસ), સુલતાન મોહંમદ તુગલકનો સમય, અગત્યની ઘટનાઓ, પોતાની પરિસ્થિતિ, દિલ્હીથી માલાબાર સુધીની સફર, મગરીબી(પશ્ચિમી) દરિયાકિનારાની તેમની સફર, માલદિવ્સના ટાપુઓ, શીલાન(શ્રીલંકા), માઅબર(કોરોમંડલ), બંગલા(બંગાળા), હિન્દી ચીનના ટાપુઓ, ચીન, "અરબ, ઈરાન, શામ" અને વતન વાપસી વગેરે.

૧૨ સપ્ટેમ્બર ઈસવીસન ૧૯૩૪માં (હિજરી સન ૭૩૪ મોહરમની પહેલી તારીખે) ઈબ્ને બતૂતા સિંધમાં આવે છે. ઈબ્ને બતૂતા નું મૂળ નામ અબૂ અબ્દુલ્લા મોહમ્મદ ઈબ્ને બતૂતા હતું. (આરબ દેશોમાં પુત્રને પિતાના નામથી સંબોધવાનું પ્રચલન છે એટલે ઇબ્નનો અર્થ થાય છે પુત્ર અને ઈબ્ને બતૂતા એટલે બતૂતાનો પુત્ર. એવી જ રીતે પુત્રી માટે બિનતે શબ્દ પ્રયોજવામાં આવે છે.) ઈબ્ને બતૂતા નોંધે છે કે હિન્દુસ્તાનમાં લોકો તેને બદરુદ્દીન તરીકે ઓળખે છે. પોતાના આગમન સમયે સુલતાન દ્વારા તેમનું જે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું તેનું વર્ણન કરતા તે કહે છે કે "હિન્દુસ્તાનના સુલતાન વિદેશી પ્રવાસીઓની ખૂબ આગતાસ્વાગતા કરે છે અને તેને અજીજ કહીને સંબોધે છે અને લોકોને પણ સ્પષ્ટ સૂચન છે કે તેમને અજીજ તરીકે જ સંબોધે." આજે પણ અરબસ્તાનમાં વિદેશીઓ માટે પ્રચલિત શબ્દો છે અજીજ, રફીક, સલીમ વગેરે. આરબથી આવનાર લોકોને સૈયદ અથવા મૌલાના તરીકે સંબોધવામાં આવતા અને તેમને મોટા હોદ્દાઓ પણ આપવામાં આવતા.

હિંદમાં ચાલતી ડાક પ્રથાનું સુંદર વર્ણન કરતાં કહે છે કે દિલ્હીને દારૂલ ખિલાફા કહેવામાં

આવતું હતું. મુલતાનથી દિલ્હીનો પ્રવાસ સામાન્ય રીતે ૫૦ દિવસનો છે. પરંતુ અહીંની ડાક વ્યવસ્થા એટલી ઝડપી અને વ્યવસ્થિત છે કે મુલતાનથી દિલ્હી સુધી અખબાર નવીશને ખબર પહોંચાડવામાં માત્ર પાંચ દિવસ લાગે છે. અખબાર નવીશ(પત્રાચાર ખાતાના અધિકારી) પાસેથી ખબર લઈ જનારને બરીદ તરીકે ઓળખવામાં આવે છે. (સલ્તનત કાળમાં બરીદ શબ્દ જાસુસ માટે પણ વપરાતો અને જાસૂસ ખાતાના વડાને બરીદે મુમાલિક કહેવામાં આવતો). ડાક વ્યવસ્થા વિશે વાત કરતા ઈબ્ને બતૂતા કહે છે કે ડાક બે પ્રકારની હતી. એક ઘોડાની ડાક અને બીજી પગપાળા જતી ડાક. ઘોડા દ્વારા જતી ડાકને "ઓલાક" કહેવામાં આવતું. દર ચાર કોસ (અંતરે) ઘોડો બદલાઈ જતો હતો. ઘોડાની વ્યવસ્થા સુલતાન દ્વારા કરવામાં આવતી. પગપાળા જે ડાક જતી તેમાં દર માઈલે એક ચોકી રહેતી જેને ધાવા તરીકે ઓળખવામાં આવતી. પગપાળે ડાક લઈ જનારને "હરકારા" તરીકે ઓળખવામાં આવે છે. દરેક હરકારા પાસે બે ગજની લાંબી એક લાકડી રહતી, જેના માથે તાંબાના ઘૂંઘરું બાંધેલા રહેતા. જ્યારે તે ડાક લઈને હરકારા નીકળતો ત્યારે એક હાથમાં ડાક અને બીજા હાથમાં લાકડી. ડાક લઈને એ ઝડપથી દોડતો. બીજી ચોકીનો હરકારા તેનો અવાજ દૂરથી સાંભળી સતર્ક થઈ જતો અને ડાક લેવા તૈયાર રહેતો. જેવો તે પહોંચે કે તરત એના પાસેથી ડાક લઈ તે દોડવાનું શરૂ કરી દે છે. ઘણી વખત આ ડાક ઘોડાની ડાકથી પણ ઝડપી પહોંચે છે. કેટલીક વખત ગુનેગારોને પણ ચારપાઈ પર બેસાડી એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડવામાં આવતા.

દરિયાએ સિંધ પાસેના વિસ્તારોમાં જોવા મળતાં ગેંડાનું વર્ણન કરે છે. તેના વિશે તે રોચક માહિતી આપે છે. લાહોરના બંદરો વિશે માહિતી આપી છે, જહાજના પ્રકારો વિશે જણાવે છે. "આહુરા" નામના જહાજ નો ઉલ્લેખ કરે છે અને કહે છે કે તે મોરક્કોમાં જોવા મળતો. "તરીદ" જેવો આ જહાજ દેખાય છે પરતું તેના કરતાં વધુ મોટો છે. 40 નાવિકો તેને ચલાવે છે. મુલતાનની ખાનકાહ તે રોકાયા છે. ત્યાંની મેજબાનીના ખુબ વખાણ કરે છે. દસ્તરખાનની ગોઠવણ કેવી રીતે કરવામાં આવે છે તેનો પણ ઉલ્લેખ કરે છે.

ભારતમાં ઉત્પાદિત થતી જુદીજુદી વસ્તુઓ અનાજ અને ફળોની ઉલ્લેખ કરે છે. આંબાનો વિશેષ ઉલ્લેખ કરે છે તે જ આંબામાં તૈયાર કરવામાં આવેલ અથાણું જેને ભોજન સાથે અહીંના લોકો ઉપયોગ કરે છે. આ ઉપરાંત કઠલ(ચંપાકલી), જુદાજુદા પ્રકારની નારંગી, મહુડા, કેસહરા જેવા ફળોનો ઉલ્લેખ કરે છે. તે કહે છે કે હિન્દમાં દાડમની ખેતી પુષ્કળ પ્રમાણમાં થાય છે. વર્ષમાં બે વખત તેનો પાક લેવામાં આવે છે. અનાજમાં સાનક નામના ધાનનો ઉલ્લેખ કરે છે જેનો ઉપયોગ ખીર બનાવવામાં તથા પશુઓને ખવડાવવામાં પણ થાય છે. જેનાથી તે તંદુરસ્ત થઈ જાય છે. આ ઉપરાંત દાળ અને ચોખા બંને દ્વારા બનાવવામાં આવતી. ખીચડીનો પણ તેઓ ઉલ્લેખ કરે છે એ મુઠ, ચણા, જવ અને ઘઉંનો ઉલ્લેખ કર્યો છે. તેમાં ચોખાનું ઉત્પાદન સૌથી વધારે થાય છે.

સિંધ પ્રાંતના અબુહરમાંથી જ પસાર થતા ત્યાં એક સતી થતી સ્ત્રીનો ઉલ્લેખ કરે છે. લોકો આમ તેમ ભાગે છે જ્યારે તે ભાગવાનું કારણ પૂછે છે ત્યારે લોકો કહે છે કે એક વ્યક્તિ મૃત્યુ પામ્યો છે અને તેની પત્ની તેની ચિતા સાથે

બળવા જાય છે. પોતાના ભારત વસવાટ દરમિયાન ત્રણ વખત સતી થયાનો અન્ય એક જગ્યા એ સતીનો ઉલ્લેખ કરતાં કહે છે કે એક સ્ત્રી સાજસજીને ઘોડા ઉપર સવાર થઈને પોતાના પતિની ચિતા સાથે નીકળે છે. હિન્દુ મુસ્લિમ બધા જ લોકો તેની પાછળ પાછળ ઢોલ નગારા વગાડે છે. બ્રાહ્મણ પણ તેની સાથે છે અહીં તે ઉલ્લેખ કરે છે કે સતી થવા માટે સુલતાનની પરવાનગી અનિવાર્ય હતી એની પરવાનગી મળ્યા વગર સતી થઇ શકાતું નહોતું અને સુલતાનની પરવાનગી લેવી સરળ નહોતી. જ્યારે પરવાનગી મળી જતી તો લોકો ખુબ ખુશ થતા જે સ્ત્રી સતી થતી તેને મહાન ગણવામાં આવતી અને જે સ્ત્રી સતી ન થતી તેનું જીવન દુષ્કર બની જતું

દિલ્હી પહોંચતા તેમનું સ્વાગત કરવામાં આવે છે દિલ્હીના તે ખૂબ વખાણ કરે છે અને એ સમયના વિશ્વના મહાન નગરોમાંનું તેને એક ગણાવે છે. તેની ભવ્યતા અને મજબૂત ઇમારતોના તે વખાણ કરે છે હાલની દિલ્હી જુદાજુદા ચાર શહેરોને ભેળવીને તેની ફરતે મોટી દિવાલ ઉભી કરવાનું આયોજન સુલતાન મોહંમદ તુગલકે કર્યું હતું કાર્ય શરૂ કર્યું પરંતુ બહુ જ ખર્ચાળ પુરવાર થતા વચ્ચે પડતું મૂકી દેવામાં આવ્યું. આ ચાર શહરોમાં પહેલી હિન્દુઓના સમયની દિલ્હી જે ઇન્દ્રપ્રસ્થ તરીકે ઓળખાતી, બીજી સીરી જે દારૂલ ખિલાફા તરીકે ઓળખાતું. ત્રીજો તુગલકાબાદ જેની સ્થાપના ગ્યાસુદ્દીન તુઘલખે કરી હતી ચોથું જહાનાબાદ. આ દીવાલની સાથે દરવાજાઓ અને કોઠીઓનું નિર્માણ કરવામાં આવ્યું હતું જેનો ઉપયોગ શાહી ગોદામોના રૂપમાં થતું હતું. અહીં વધારાનો અનાજ સંગ્રહી રાખવામાં આવતો હતો. દિલ્હીના ૨૮ દરવાજા હોવાનું ઈબ્ને બતૂતા નોંધે છે. (અમદાવાદ શહેરની ફરતે સુલતાન મહેમૂદ બેગડાના સમયમાં ૧૨ દરવાજા બંધાવવામાં આવ્યાં હતા. કેટલાંક વિદ્વાનો તેની સંખ્યા ૧૮ તો કેટલાંક ૨૧ બતાવે છે.) જેમાંના કેટલાંક પ્રસિદ્ધ દરવાજા આ પ્રમાણે હતાં – બદાયૂં દરવાજા, માંડવી દરવાજા જેની બહાર ખેતર આવેલા છે. ગુલ દરવાજા જેની બહાર બગીચાઓ આવેલા છે. નજીબ દરવાજા, કમાલ દરવાજા જે કોઈના નામ પરથી રાખવામાં આવ્યા છે. ગઝની દરવાજાની બહાર ઇદગાહ આવેલી છે. પાલમ દરવાજા જે પાલમ શહેર તરફ આવેલું છે. બજાલેશા દરવાજા જેની બહાર મોટું કબ્રસ્તાન આવેલું છે. દિલ્હીમાં આવેલ બે હોજ વિષે માહિતી આપે છે જેમાંની એક હોજ-એ-સમસી જેનું બાંધકામ અલ્તમસે કરાવ્યું હતું અને બીજું હોજ-એ-ખાસ. આ હોજમાં પાણી સંગ્રહ કરવામાં આવતું અને જ્યારે પાણી સુકાઈ જાય ત્યારે ત્યાં ટેટી, તરબૂચ અને કાકડીની ખેતી કરવામાં આવતી.

દિલ્હીનો શાહી મહેલ દાર-એ-સરા તરીકે ઓળખાતો. મહેલમાં પ્રવેશવાના પણ અનેક દરવાજાઓ છે. મહેલના ત્રીજા દરવાજા પછી હજાર સૂતુંન નામે એક દિવાનખાના જે એક હજાર સૂતુન પર ઉભેલું છે. જ્યાં અગત્યની બાબતોની ચર્ચા થાય છે તેની ભવ્યતાના વખાણ કરે છે.

પ્રવાસ દરમિયાન જોયેલ હથિયારો વિશે વાત કરે છે આરબ અને ઈરાનમાંથી હત્યારો મંગાવવામાં આવે છે. એક હથિયાર "મનજનીક" વિષે વાત કરે છે મનજનીક મૂળ યુનાની શબ્દ મન જાને કોન પરથી ઉતરી આવ્યું છે જેનો અર્થ જાદુ અથવા કરતબ થાય છે. આ હથિયારનો ઉપયોગ કિલ્લામાં જ્વલંત પદાર્થો, લાકડા, પથ્થર,ફેંકવામાં થતું હતું. ૧૬મી સદી સુધી

હિન્દુસ્તાન, યુરોપ અને ચીનમાં તેનો ઉપયોગ થતો હતો. માર્કો પોલોએ પોતાના પ્રવાસનોંધોમાં આવા 17 પ્રકારના મનજનીકના ચિત્રો આપ્યા છે. ઈબ્ને બતૂતાએ બે પ્રકારની મનજનીકના ચિત્ર આપ્યાં છે.

દિલ્હીની તારીખ નામના પ્રકરણમાં એ દિલ્હીમાં થઈ ગયેલા મોહંમદ તુગલક પહેલાના બધા સુલતાનોની માહિતી આપે છે જેમાં ગુલામવંશના સુલતાનો અને ખલજીવંશના સુલતાનોનો સંક્ષિપ્ત પરિચય છે. ત્યારપછી તુગલક શબ્દના ઇતિહાસ વિષે માહિતી આપે છે. તુગલકો મૂળ તુર્ક કરોના હતા. કરોના એટલે જેના પિતા તાતારી હોય અને માતા હિન્દી હોય. ખુલાસાતુંલ તવારીખના લેખકે પણ આ શબ્દનો ઇતિહાસ આપ્યો છે. તુર્કી ભાષામાં તુગલકનો અર્થ "પહાડી" થાય છે. એ પણ કહે છે કે તુગલક બલ્બનના સમયમાં તેમની સેવામાં હતાં. આ એવા ગુલામો છે કે જે પિતા પક્ષથી તાતારી અને માતા પક્ષથી પંજાબી જાટ હતા. સલ્તનત સમયના શરૂઆતમાં સુલતાન શુદ્ધ રક્તમાંથી આવતા હોવાનું જે આગ્રહ રાખવામાં આવતું હતું તે સમય જતા ત્યજી દેવામાં આવે છે અને હવે સુલતાનો તુર્કી-હિન્દી અથવા અરબી-હિન્દી કે અફઘાની-હિન્દી નસલમાંથી પણ આવે છે.

મુઘલ યુગમાં પ્રચલિત મનસબદારી જેવી કોઈ પ્રથા અસ્તિત્વમાં હશે પરંતુ વધુ પ્રચલિત નહીં હોય. ઈબ્ને બતૂતાએ એક વ્યક્તિનો ઉલ્લેખ કર્યો છે જેનું નામ અમીરબખ્ત છે. સુલતાને તેને સજાના રૂપમાં આપેલ ચેહલ હજારીનો દરજ્જો ઘટાડીને ચકહજારી કરી દીધું હતું.

હિજરીસન ૭૪૧(ઈ.સ. ૧૩૪૧)માં સુલતાને આદેશ આપ્યો હતો કે જકાત અને ઉશ્ર સિવાયના બધા જ કર માફ કરી દેવામાં આવે. હિન્દુસ્તાનમાં જ્યારે દુષ્કાળ પડે છે ત્યારે અનાજની કિંમત ખૂબ વધી જાય છે. એ સમયે અનાજના એક મણના સાઠ દિરહમ સુધી જાય છે. લોકોની હાડમારી ખૂબ વધી જાય છે કેટલાક પ્રદેશોના પ્રદેશો સાફ થઈ જાય છે. ભૂખના કારણે અસંખ્ય લોકો મૃત્યુ પામે છે. એક ઈબ્ને બતૂતા માર્ગમાંથી પસાર થતાં જુવે છે કે ત્રણ સ્ત્રીઓ રસ્તા પર બેસીને એક મરેલા ઘોડાનુ ચામડુ ખાય છે. એ સમયે પશુઓના ચામડાને પકવીને બજારમાં વેચવામાં આવતું હતું. કેટલીક જગ્યાએ માણસોને મારીને પણ ખાઈ જવામાં આવતાં હતાં. લોકોની પરિસ્થિતિનું ભાન સુલ્તાનને થતાં વ્યક્તિદીઠ દોઢ રતલ રોજના હિસાબે છ મહિના માટે અનાજ લોકોને સુલતાન તરફથી પૂરું પાડવામાં આવે છે અને તે માટે કાજી, અમીર અને મુન્શીને શેરીએ શેરીએ જઇને લોકોના નામ નોંધવાનું સોંપવામાં આવે છે.

ઈબ્ને બતૂતા અગ્રોહા નામના એક પ્રદેશનો ઉલ્લેખ કરે છે જે હિસ્સારથી ૧૩ માઇલના અંતરે આવેલું છે. એક નાનકડું ગામ છે. એક સમયે તે વેપારનું મોટું કેન્દ્ર હતું. અગ્રવાલ જાતિના વેપારીઓ આ જ શહેરમાં વસવાટ કરતા હતા. અગ્રવાલ(વાણિયા) વિશે માહિતી આપતા તે કહે છે કે આ કોમના લોકો પોતાની કોમનો કોઈ વ્યક્તિ જો બહારથી અહીં વસવાટ કરવા આવે તો તેને દરેક વ્યક્તિ એક ઇંટ અને એક પૈસો આપતા હતાં. જેથી તે પોતાનું મકાન બાંધકામ કરી શકે અને પોતાનો વેપાર શરૂ કરી શકે.

સુલતાન દ્વારા લોકોને અપાતી ભેટ વિશેની માહિતી આપે છે. જેમાં ખિલઅત, ઘોડા અને કિમતી વસ્તુઓ આપવામાં આવતી.

ખિલઅત (શાહી પોશાક) ઝરબફત કાપડમાંથી તૈયાર કરવામાં આવે છે. સુલતાનની માતા જે મકદૂમ-એ-જહાં તરીકે ઓળખાય છે તેમના દ્વારા પણ ખિલઅત આપવામાં આવે છે જે જરદોશી રેશમ કાપડમાંથી તૈયાર થયેલ હોય છે. વર્ષમાં બે વખત આપવામાં આવતી શિયાળામાં અને ઉનાળામાં. કાજી, લશ્કર સાથે જોડાયેલા વ્યક્તિ અને બહાદુરીનું કામ કરનાર લોકોને જે ખિલઅત અપાતું તેને શેર સુરત ખિલઅત કહેવામાં આવે છે કેમકે આ ખિલઅતમાં શેરની આકૃતિ છાતીના ભાગમાં અને પીઠનાં ભાગમાં અંકિત હોય છે. ઈબ્ને બતૂતાને જ્યારે દિલ્હીના કાજીનું પદ આપવામાં આવે છે તેને જે ખિલઅત આપવામાં આવે છે તેની આગળ-પાછળ મહેરાબનું ચિત્ર અંકિત થયેલું હોય છે. મોટા અધિકારીઓને ખાસ કરીને કાઝી-ઉલ-કૂઝાત અને વજીરને પચાસ હજાર દિનાર સાલાના(વાર્ષિક) વેતન આપવામાં આવે છે જ્યારે અન્ય મોટાં અધિકારીઓને ચાલીસ હજાર દિનાર, ચોવીસ હજાર દિનાર સાલાના આપવાના ઉલ્લેખ છે. ઈબ્ને બતૂતાને કાઝી તરીકે નિયુક્તિ થતાં ૧૨૦૦૦ વેતન સાલાના વાર્ષિક નક્કી કરવામાં આવ્યું હતું. સાથે પાંચ ગામ પણ આપવામાં આવ્યા હતા. સુલતાન તેના ખજાનચીને બોલાવીને કહે છે કે તેને એક ખાનકાહનો હવાલો પણ આપો જેથી તે ફકીરોના હાલથી વાકેફ રહે.

સુલતાન દ્વારા આપવામાં આવેલ ઇનામોની ગ્રાન્ટ કેવી રીતે રિલીઝ થતી હતી તેની આખી પદ્ધતિનું સુંદર વર્ણન કર્યું છે. સુલતાન કોઈને ઇનામ આપવાની જાહેરાત કરે ત્યારે સૌપ્રથમ જે લેટર તૈયાર થતું તેના ઉપર ત્રણ વ્યક્તિઓના હસ્તાક્ષર થતા. પહેલું સનાકત કરનાર વ્યક્તિ, બીજું ખરીતદાર જેની પાસે સુલતાનનું કલમદાન રહેતું, ત્રીજી વ્યક્તિ નકબા દવાદાર જેની પાસે સુલતાનની દવાત(શાહી) રહેતી. ત્યારપછી દીવાને વઝારતમાં તે પત્ર જતો ત્યાં તેની કોપી થતી. ત્યારબાદ દીવાને અશરફમાં એ પત્રો જતા. ત્યાર પછી દીવાને નજર પાસે ત્યાંથી પરવાના સ્વરૂપ અંતિમ પત્ર તૈયાર થતું જેને મીરે ખજાના પાસે મોકલવામાં આવતું જે ગ્રાન્ટ આપવાનું કામ આપે છે. આ લેટર સાંજે સુલતાન પાસે જાય છે ત્યાં તેના હસ્તાક્ષર થયા પછી અંતે એ ગ્રાન્ટ મળતી હતી. ઈબ્ને બતૂતા કહે છે કે મને ઇનામની રકમ છ મહીના પછી મળી હતી.

જુદાજુદા વર્ગના અધિકારીઓ જેવા કે અહેલે તરબ તરીકે ઓળખાતા લોકોમાં તવાયફ. ગાનાર/ગાયક, નાચનાર, તબલચીનો સમાવેશ થતો હતો. હાશીયા તરીકે ઓળખાતા વર્ગમાં આબદાર, ફરાશ, તંબોળી, નકીબ, ચોંપદાર, હાજરી નવીશ વગેરેનો સમાવેશ થતો હતો.

કેટલાક પ્રદેશોની પ્રખ્યાત ઉત્પાદિત વસ્તુઓનો અને તેમની લાક્ષણિકતાનો ઉલ્લેખ કરતા કહે છે કે કનોજની ખાંડ ખૂબ જાણીતી હતી. મવહ(ગ્વાલિયર પાસે આવેલો એક પ્રદેશ)ના ઘઉં ખૂબ પ્રસિદ્ધ હતાં. ઘઉંનો દાણો મોટો અને મજબૂત હતો. ચીન સિવાય આવા ઘઉં ક્યાંય જોવા નથી મળતા. ઉપરાંત આ પ્રદેશના લોકો ખૂબ ચારિત્રવાન છે. મરાઠાઓની સુંદરતા અને ચરિત્રશીલતાના વખાણ કરે છે,

ચીનથી એક વદફ(દુત મંડળ) સુલતાન મોહમ્મદ તુગલકના દરબારમાં એ માંગણી સાથે આવે છે કે હિમાલયમાં આવેલું એ બૌદ્ધ મંદીર જે તૂટી ગયું છે તેનું સમારકામ કરાવી આપે. સુલતાન જવાબમાં તેમની પાસેથી ખંડણીની માંગણી કરે છે અને કહે છે કે જીમ્મીઓ(જાજીયા

આપનાર)ને અમે મંદિર બાંધવાની પરવાનગી આપીએ છીએ. સુલતાન ચીનથી આવેલા વદફ સાથે ઈબ્ને બતૂતાને ચીનમાં પોતાના શફીર(રાજદૂત) તરીકે મોકલે છે. ઈબ્ને બતૂતા ચીનના એ દુત મંડળ સાથે જુદાજુદા સ્થળોનું ભ્રમણ કરે છે. તે દરમિયાન તે દિલ્હી માલાબાર જતાં બયાના, કોલ, બુર્જપુર, કનોજ, અલાપુર, બરુન, અમવારી, ચંદેરી, ધાર, ઉજ્જૈન, દોલતાબાદ, નજરાબાદ, ખંભાત જેવા પ્રદેશોમાં ફરે છે. આ પ્રદેશો વિષે માહિતી આપે છે. જેમાં ગૂઢ જાતિઓ, દાયણ અને જોગીઓ વિષે માહિતી આપે છે. ખંભાતની સમૃદ્ધિ વિષે માહિતગાર કરાવે છે અને ત્યાં અનેક વિદેશી પ્રજાઓના વસવાટનો ઉલ્લેખ કરે છે. આ સફર દરમિયાન તે ડાકુઓ દ્વારા લુટાઈ ગયાનો ઉલ્લેખ કરે છે.

ત્યાંથી તે કાલીકટ બંદરે જઈ ચીન જવા માટે માલદિવ જતાં જહાજો પર સવાર થાય છે. માલદીવથી શ્રીલંકા અને ત્યાંથી બંગલા અને ત્યાંથી જાવા સુમાત્રા અને અંતે ચીન પહોંચે છે. ચીન જવામાં આટલું બધું ફરવાનું કારણ કદાચ ચીનના વદફને પોતાના સામ્રાજ્યના દર્શન કરાવવાનું હોઈ શકે.

References:

1. મૌલ્વી, મોહંમદહુસૈન, અજાયેબુલ અફસાર, સફરનામા ઈબ્ને બતૂતા (ઉર્દૂ) : આકીબ બુક ડીપો, ન્યુ દિલ્હી, 2006